GJVD040008972026

**CRMA J/75/2026**

**SHEKH RUBINKHAN YUSUFMIYA**
**Vs.**
**GOVERNMENT OF GUJARAT**

(૧) આરોપીએ હાલની અરજી બી .એન.એસ.એસ.કલમ–૪૮૦ તળે જામીન મુકત થવા માટે કરેલી છે. જામીન અરજી તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા.

(૨) આરોપીપક્ષની મુખ્ય રજુઆત છે કે, આરોપી તદન નિર્દોષ છે. આરોપી કહેવાતા ગુનાના કામે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ નથી. આ ગુનાના મુખ્ય આરોપી ધર્મેશ ગુર્ઝરના ગોડાઉનમાંથી મુદામાલ મળી આવેલ હતો અને તેને નામદાર હાઈકોર્ટ દવારા રૂા.૨૫,૦૦૦/– ના જામીન પર મુકત કરવામાં આવેલ છે અને તે આધારે અન્ય સહઆરોપી કિશન શાહુની જામીન અરજી નામદાર ડીસ્ટ્રીક કોર્ટ, વડોદરા દવારા રૂા. ૨૫,૦૦૦/– ના જામીન પર મંજુર કરવામાં આવેલી છે. જેથી લો ઓફ પેરીટીના સિધ્ધાંત મુજબ અરજદાર/આરોપીને પણ જામીન મુકત કરવા જોઈએ. પોતાની દલીલના સંદર્ભમાં આરોપીના વિદ્વવાન વકીલશ્રીએ રમેશ ડાભી વિ. સ્ટેટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આરોપી ધર્મેશ ગુર્ઝર વિરૂધ્ધ ચાજશીટ ફાઈલ થઈ ગયેલ છે અને તેમાં પ્રસ્તુત અરજદાર વિરૂધ્ધ લેશમાત્ર પુરાવો મળી આવતો નથી. આરોપીએ બોગસ ડોકયુમેન્ટ બનાવેલ નથી કે વાપરેલ નથી કે, કબ્જામાંથી પણ મળી આવેલ નથી. આરોપી વિરૂધ્ધનો કેસ ચલાવવા આ અદાલતને સત્તા છે. જામીન તે નિયમ અને જેલ તે અપવાદનો સિધ્ધાંત ધ્યાને લઈને પણ આરોપીને જામીન મુકત કરવા જોઈએ. પોલીસે મનફાવે તે કલમો હેઠળ કોઈ ગુનો બનતો ના હોવા છતાં માત્ર ગુનાની ગંભિરતા વધારવા માટે અને આરોપીઓને જામીનનો લાભ ના મળે તેવા હેતુથી ખોટી કલમો નોંધેલ છે. આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. કલમ–૩૩૬(૨)(૪), ૩૩૮ મુજબના કોઈ પુરાવો આવેલ નથી. પોતાની દલીલના સંદર્ભમાં બચાવપક્ષે

સંજય ચંદ્રા વિરૂધ્ધ  સી.બી.આઇ. ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ જમ્ન ટીપ કે ફાંસીની જોગવાઈઓનો ગુનો નથી કે આરોપી ગુનાહીત ભુતકાળ ધરાવતા નથી. આ ગુનામાં તમામ સાક્ષીઓ પોલીસ કર્મચારીઓ છે અને તેથી પુરાવા સાથે ચેડા થવાનો કે તપાસમાં ખેલી પહોંચવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આ ગુનાની ટ્રાયલ ચલાવવા આ અદાલતને સત્તા છે. અરજદાર કુટુંબ કબીલા વાળા છે અને સ્થાનીક વતની છે. અરજદાર/આરોપી નાશી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી હાલની જામીન અરજી મંજુર કરવી જોઈએ.

(૩) ફરિયાદપક્ષે વિધ્વાન સ્પેશયલ એ.પી.પી.શ્રી. રમેશભાઈ એમ. જ્ઞાનચંદાનીએ જામીન અરજી અન્વયે મેરીટ ઉપર યોગ્ય તે હુકમ કરવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

(૪) ફરિયાદ હકીકત વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયિમ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(ઇ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ. કલમ-૩૩૬(૨)(૪), ૩૩૮, ૩૩૯, ૩૪૦(૨) મુજબના ગુનાનો આરોપ છે. આરોપીનો પ્રોડકશન રીપોર્ટ અને એરેસ્ટ મેમો વંચાણે લેતાં આરોપીની ધરપકડ કાયદાની જોગવાઓને અનુસરીને કરવામાં આવેલ છે અને તેથી આરોપીની ધરપકડ ગેરકાયદેસર માની શકાય નહી.પરંતુ ફરિયાદ હકીકત અને પોલીસ પેપર્સ વંચાણે લેતાં હાલના આરોપીએ આ ગુનામાં શું રોલ ભજવેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા થતી નથી. આરોપીએ કોઈ ખોટા દસ્તાવેજ કે ઈલેકટ્રોનીક રેકર્ડ તૈયાર કરેલ હોય કે પોતાના કબ્જામાં રાખેલ હોય તેવો પ્રથમ દર્શનીય કેસ મળી આવતો નથી. આરોપીના હવાલામાથી કોઈ મુદ્દામાલ કબ્જે થયેલ નથી કે આરોપીના હવાલાનું કોઈ વાહન પણ  કબ્જે થયેલ નથી. પોલીસ પેપર્સ વંચાણે લેતાં ફકત આ કામના મુખ્ય આરોપીએ તેમની રીમાન્ડ દરમ્યાન હાલના આરોપીને મુદ્દામાલ વેચતો હોવાનું જણાવેલ હોવાથી આરોપીની ધરપકડ કરવામાં આવેલી છે. પરંતુ આ કામે અગાઉ પકડાયેલ આરોપી હાલના આરોપીને મુદ્દામાલ વેચાણ આપતો હતો તે બાબતેનો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો આ કામે તપાસ કરનાર અમલદાર દવારા રજુ રાખવામાં આવેલ નથી.આ કેસના સંજોગો જોતાં પોલીસ દરમ્યાનની સહ આરોપીની પોલીસ સમક્ષની એકમાત્ર કબુલાત ના કારણે આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવી ન્યાયોચ્ચીત જણાતી

નથી. આમ છતાં આ મુદ્દો પુરાવાનો વિષય છે. વધુમાં આ ગુનાની ટ્રાયલ પુર્ણ થતાં સમય વ્યતિત થાય તેમ છે. આ સંજોગોમાં આરોપી પક્ષની દલીલ અને જામીન અરજી વંચાણે લેતાં આરોપીને યોગ્ય રકમના જામીન અને શરતોને આધીન જામીન મુકત કરવા ન્યાયોચ્ચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

-પાદરા પોલીસ સ્ટેશન પાર્ટ - સી પ્રોહી. ગુ. રજી. નં. ૧૧૧૯૭૦૩૪૨૫૧૨૨૬/૨૦૨૫ પ્રોહી. કલમ-૬૫(એ)(ઇ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.અસ. કલમ-૩૩૬(૨)(૪),૩૩૮,૩૩૯,૩૪૦(૨) મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપી શેખ રૂબીનખાન યુસુફમિયાંને રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસર હજાર) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચે જણાવેલ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**::શરતો ::**

(૧) આરોપીએ અત્રેની કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ નિયમીત હાજર રહેવાનું રહેશે.

(૨) આરોપીએ અત્રેની કોર્ટની પુર્વપરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

(૩) આરોપીએ ફરિયાદપક્ષના સાક્ષી પુરાવાને ડરાવવા ધમકાવવા નહી કે તોડવા કે ફોડવાનું કોઇ કૃત્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવુ કે કરાવવુ નહી.

(૪) આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટ સમક્ષ દીન -૧૦ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે મતલબનું સોગંદનામુ દીન -૧૦ માં રજુ કરવાનું રહેશે.

(૫) આરોપીએ જામીન મુકત થયા બાદ આ પ્રકારના કોઇ પણ ગુનાનું પુનરાવર્તન થાય તેવુ કોઇ પણ કૃત્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવુ કે કરાવવુ નહી.

(૬) આરોપી તથા જામીનદારએ પોતાનું રહેઠાણ અને વ્યવસાયનું સરનામુ અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ અને મોબાઇલ નંબર સાથે રજુ કરવાના રહેશે.

આ હુકમ આજ તા.સાતમી માહે માર્ચ સને બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ. ૦૭.૦૩.૨૦૨૬** **(હાર્દિક પ્રફુલચંદ્ર રાવલ)**

સ્થળ: પાદરા.

ત્રીજા એડી. સીની. સીવીલ જજ એન્ડ
એડી.ચીફ જયુડી. મેજી.પાદરા.
કોડ નં. જીજે૦૧૨૨૦